સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકાઓમાં પોણા ઈંચથી પણ વધુ વરસાદ

(તસવીર : મગનજી વણઝારા)

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં સોમવારના રોજ બપોર પછી હિંમતનગર સહીત જિલ્લામાં ભારે બફારા બાદ આકાશ કાળા ડીબાંગ વાદળોથી ઘેરાઈ ગયેલું અને ત્યારબાદ ગાજવીજના કડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. લોકો પણ મન મુકીને વરસાદમાં ભીંજાઈને મજા માણી હતી. આ અંગે જિલ્લા ઈમરજન્સી સેન્ટરથી જાણવા મળેલ મુજબ જિલ્લાના ચાર તાલુકામાં પોણો ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવાનું જાણવા મળ્યું હતું.

જ્યારે બાકીના નવ તાલુકા કોરા રહ્યા હતા. જેમાં બાયડમાં ૪ મી.મી., હિંમતનગરમાં ૧૪ મી.મી., ધનસુરામાં ૨૨ મી.મી., મેઘરજમાં ૨૨ મી.મી., અને માલપુરમાં ૨૨ મી.મી., નોંધાયો હતો. જ્યારે તેર તાલુકામાં ચોમાસાની સીઝનમાં અત્યાર સુધીમાં બાયડમાં ૩૦૪ મી.મી., હિંમતનગરમાં ૩૨૧ મી.મી., ધનસુરામાં ૪૮૩ મી.મી., મેઘરજમાં ૪૧૬ મી.મી., માલપુરમાં ૪૪૨ મી.મી., ભિલોડામાં ૩૯૨ મી.મી., વિજયનગરમાં ૪૪૪ મી.મી., ઈડરમાં ૪૭૦ મી.મી., ખેડબ્રહ્મામાં ૬૦૮ મી.મી., વડાલીમાં ૨૭૮ મી.મી., પ્રાંતિજમાં ૨૭૫ મી.મી., તલોદમાં ૨૯૭ મી.મી. અને મોડાસામાં ૩૪૩ મી.મી. વરસાદ નોંધાયો હોવાનું જાણવા મળેલ છે.

ડીસા તાલુકાની પાંજરાપોળ ઉપરાંત ગૌશાળા સંચાલકોની દયનીય સ્થિતિ

ઉચ્ચ સ્તરીય રજૂઆતઃ ૧૯,૦૦૦ જેટલા જીવોને બચાવવા સરકાર સબસીડી આપે

ડીસા, તા. ૨૭

ગુજરાતમાં અપુરતા અને ત્રુટક ત્રુટક વરસાદથી દુષ્કાળના ઓળો ઉતરી આવેલ છે. તેના લીધે. ઘાસચારાનાં ભાવ બમણાં થઈ ગયેલ છે. કેટલાક વિસ્તારોમાં કોઈપણ ભાવે સુકો ઘાસચારો સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતો નથી. ગુજરાત સરકારે કુલ ૯૧ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરેલ છે. તે તાલુકાઓમાં આવેલ પાંજરાપોળ - ગૌશાળા સંસ્થાઓને સરકારશ્રી તરફથી પશુદીઠ દૈનિક રૂા.૨૫ /- સહાય મળશે તે નિર્ણય સર્વત્ર આવકારવામાં આવ્યો છે. પરંતુ તે નિર્ણયમાં પક્ષપાત કરવાના આક્ષેપ સાથે આજે ડીસા તાલુકાની તમામ પાંજરાપોળ - ગૌશાળાએ કલેકટરશ્રીને આવેદન પત્ર આપી ડીસા તાલુકાને અછતગ્રસ્ત તાલુકાઓમાં સામેલ કરી સબસીડી આપવા માંગણી કરી છે.

જ્યારે સરકારશ્રીએ અછતગ્રસ્ત તાલુકાઓની યાદી બનાવી ત્યારે ૧૯૦૦૦ જેટલું પશુધન ધરાવતી જીવદયા સંસ્થાઓ ડીસા તાલુકાઓમાં આવેલ હોઈ ડીસા તાલુકાને પણ અછતગ્રસ્ત તાલુકો જાહેર કરવામાં આવેલ હતો. પરંતુ કોઈ અગમ્ય કારણોસર રાતો-રાત તાલુકાનું નામ અછતગ્રસ્ત તાલુકાઓના લિસ્ટમાંથી નિકળી જતાં તમામ જીવદયા સંસ્થાઓની ઉંઘ ઉડી ગઈ છે. સ્થાનિક દાનદાતાઓ ઉપર નિર્ભર સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય મંદી અને દુષ્કાળના લીધે દાનની આવકો નહીવત થઈ ગયેલ છે. જ્યારે પશુઓની આવકમાં સતત વધારો થઈ રહેલ છે. અને આ વધારો આગળ પણ ચાલુ રહેવાનો છે.

જીવોના નિર્વાહ માટે રોજીંદા જંગી ખર્ચ ધરાવતી સંસ્થાઓને વર્તમાન પરિસ્થિતિમાં ત્રણ ગણા નાણાં ખર્ચ કરવા પડે છે. અને આવી પરિસ્થિતીમાં સરકાર દ્વારા અપનાવવામાં આવેલ આ પક્ષપાતી વર્તનથી પાંજરાપોળના સંચાલકોની સાથે સાથે મોટી સંખ્યામાં જીવદયા પ્રેમીઓ પણ ચિંતામાં મુકાયા છે.

ઉત્તર ગુજરાતની સૌથી મોટી જીવદયા સંસ્થાઓ ડીસા તાલુકામાં આવેલ છે. અને આ સંસ્થાઓમાં સૌથી વધુ પશુધન આશ્રય લઈ રહેલ છે. તેવી સ્થિતિમાં સરકારશ્રીને ડીસા તાલુકાને સ્પેશલ કેસમાં અછતગ્રસ્ત તરીકે સામેલ કરી પશુદીઠ દૈનિક અપાતી સબસીડી આપવામાં આવતે વિષય સાથે ડીસા તાલુકાની (૧) શ્રી રાજપુર ડીસા પાંજરાપોળ, કાંટ - ડીસા (૨) શ્રી જુના ડીસા પાંજરાપોળ - જુનાડીસા (૩) શ્રી રાજારામ ગૌશાળા આશ્રમ - ટેટોડા (૪) શ્રી સોમપુરી મહારાજ ગૌશાળા- શેરપુરા (૫) શ્રી રામબાજુ કૈલાશ ધામ ગૌશાળા - માલગઢ (૬) શ્રી જલીપન ગૌશાળા - ડીસા (૭) શ્રી સીતારામ ગૌશાળા - ડીસા (૮) શ્રી શાસ્ત્રી મહારાજ ગૌશાળા - ડીસા (૯) શ્રી લાખણી ગૌશાળા - લાખણી (૧૦) શ્રી રાજેશ્વર ગૌશાળા - કોટડા (૧૧) શ્રી રસાણા ગૌશાળા - રસાણા (૧૨) રામસણ ગૌશાળા - રામસણ વિગેરે જીવદયા સંસ્થાઓએ જિલ્લા કલેકટર શ્રી જે. બી. વોરાને રુબરુ મળી આવેદન પત્ર આપેલ છે. અને આ અંગે ત્વરીત કાર્યવાહી કરવા વિન્ની કરેલ છે.

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

સરકારશ્રી પોતાના નિર્ણયમાં પુર્નવિચારણા કરી સંશોધન કરી ડીસા તાલુકાની જીવદયા સંસ્થાઓને જો સબસીડી આપવામાં નહી આવે તો સંસ્થાના સંચાલકોએ આંદોલન કરવાની ચીમકી આપી હતી. તેઓએ વધુમાં જણાવેલ હતું કે, માત્ર દાનથી ચાલનારી આ જીવદયા સંસ્થાઓમાં જો એક તરફી જીવોની આવક ચાલુ રહેશે તો સંસ્થા તેઓનો નિભાવ કેવી રીતે કરશે અને ધનના અભાવમાં સંસ્થાઓ જીવો લેવાની ના પાડવી પડશે અથવા તો જીવોને ખુલ્લા મુકી દેવા પડશે. આ વિષયને સરકાર તાત્કાલિક નિર્ણય લે તેવી લોક માંગ છે.

મહેસાણા જિલ્લાનું ટપાલ વ્યવસ્થા તંત્ર અનિયમિત : લોકોમાં ભારે રોષ

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વખતથી પોસ્ટખાતાના ટપાલ વ્યવસ્થાનું તંત્ર અનિયમિત બનતાં લોકો પરેશાની ભોગવી રહ્યા છે.

ભૂતકાળમાં આઝાદી બાદ સમગ્ર દેશમાં પોસ્ટ ખાતા મારફતે ટપાલની સુંદર વ્યવસ્થા કરવામાંઆવી હતી. જેથી ટપાલ વ્યવસ્થામાં નિયમિતતા જળવાયેલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ટપાલ વ્યવસ્થામાં રેઢિયાળપણું વધી જતાં હાલમાં આ વ્યવસ્થા ભાંગી પડી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

ટપાલની આવન-જાવન સાથે સંકળાયેલ આર.એમ.એસ.નું તંત્ર મહદ્‌અંશે બંધ થયેલ છે. અને પોસ્ટ ઓફિસો મારફતે ટપાલની શોર્ટીંગની વ્યવસ્થા કરી રેલવે તથા એસ.ટી. બસો મારફતે ટપાલ મોકલવામાં આવી રહી છે. આમાં ઊંઝા, વિસનગર અને અન્ય કેટલાક તાલુકાના હાઈવેને જોડતા નાના મોટા ગામોમાં એસ.ટી. બસોમાં ટપાલની આવન જાવન થાય છે. જેબસો મોટાભાગે અનિયમિત હોવાથી ટપાલોની રોજીંદા આવન જાવનમાં મુશ્કેલી પડે છે.

જે બસોમાં ટપાલ મોકલાય છે તે બસો મોટા ભાગે અનિયમિત દોડે છે. અથવા તો ઘણીવાર આ બસોની ટ્રીપો રદ થાય છે. પરિણામે ટપાલના થેલાઓ જે તે સ્થળે પડ્યા રહે છે. અને જ્યારે સગવડ થાય ત્યારે ટપાલની રવાનગી થતી હોય છે. આવી સ્થિતિમાં ટપાલની અનિયમિત આવન-જાવનને લીધે જે તે ગામોમાં ઝડપી ટપાલો મળતી નથી. અને ત્રણ ચાર પાંચ દિવસે ટપાલ મળતી હોય છે. પરીણામે મહત્વની ટપાલો સમયસર ન મળવાથી લોકોને સરવાળે સહન કરવાનું આવે છે. ક્વેલીક ટપાલો ગેરવલ્લે જવાના કિસ્સાઓ બને છે. રજીસ્ટ્રર પત્રો તેમજ સાદી ટપાલોને એકબીજા સ્તળે પહોંચવામાં પણ દિવસો વીતિ જાય છે.

આ બાબતે નાગરિકો ફરિયાદ કરે છે પરંતુ તેઓને સંતોષકારક જવાબ મળતા નથી. પોસ્ટ ખાતાના જવાબદાર અધિકારીઓ નાગરિકોને ઉડાઉ જવાબ આપીને પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે. આવી સ્થિતિમાં છેવટે લોકોને જ સહન કરવું પડે છે. ટપાલ વ્યવસ્થાને નિયમિત કરવા માટે એસ.ટી. બસના સ્થાને અગાઉ રેલવે મારફતે જે વ્યવસ્થા ગોઠવાયેલ હતી તે પુનઃ શરૂ કરવી જોઈએ તેવી લોકમાંગ છે.

ભારત વિકાસ પરિષદ ડીસાના સભ્યો માઉન્ટ આબુના ટ્રેકીંગમાં જોડાયા



ડીસા, તા. ૨૭

ચાલુ વરસે જરૂરીયાત કરતાં ઘણો જ ઓછો વરસાદ થયો છે. છતાં ગુજરાતને અડીને આવેલા માઉન્ટ આબુમાં હરિયાળી ચાદર ઓઢેલા અરવલ્લીના પર્વતો, તેની ગોદમાં ઉછરીને લહેરાતાં તોતીંગ વૃક્ષો, અનેક વિધ વેલાઓ અને રંગ બેરંગી ફૂલ છોડોના પમરાટથી માઉન્ટ આબુની શોભા વધી રહી છે.

ડીસાના પર્યાવરણ પ્રેમી ડૉ. નવીનકાકા, યુથ કલબ દ્વારા અનેકવાર છેક હિમાલય સુધીના ટ્રેકીંગ કરાવનાર વિનુભાઈ જોષી, જશવંતભાઈ ચૌહાણ, નુરઅલીભાઈ ખોજા, મહાદેવભાઈ માળી તથા તેમની ટીમના મિત્રોએ માઉન્ટ આબુમાં પીસ ગાર્ડનથી ચડાણ કરીને ગુરૂશીખર સુધીના ટ્રેકનું આયોજન કર્યું હતું.

ભારત વિકાસ પરિષદ ઉપર પ્રાંત ગુજરાતના પ્રમુખ ડૉ. અજયભાઈ જોશી, ડૉ. મનોજભાઈ અમીન, ડીસા શાખાના ઉપપ્રમુખ નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, ડૉ. ભરતભાઈ મકવાણા, ડૉ. રમેશભાઈ વારડે, ડૉ. જયેશભાઈ સહાયતા, ડૉ. વિનોદભાઈ પટેલ, જયેશભાઈ દેસાઈ, ડૉ. ભરતભાઈ શાહ, ડૉ. જગદીશભાઈ સોની તથા અમદાવાદથી પધારેલા પર્યાવરણ પ્રેમી મિત્રો, બહેનો અને બાળકો સહિત લગભગ ૫૭ થી વધારે મિત્રોએ આ ટ્રેકીંગમાં જોડાઈને ડૉ. નવીનકાકા અને વિનુભાઈ જોષીની ટીમનું માર્ગદર્શન મેળવ્યું હતું.

આ પ્રસંગે લાયન્સ ઈન્ટર નેશનલ કલબ ડીસા શાખાના પૂર્વ પ્રમુખ જ્યોતીન્દ્રભાઈ રાજગોર, ડૉ. રમેસભાઈ વારડે, ડોલીબેન સહાયતા, ડૉ. મોસમીબેન મકવાણા તથા અનેક મિત્રોએ પોતાની ટેલેન્ટ રજુ કરીને આ ટ્રેકને યાદગાર બનાવ્યો હતો. થરા (રતનગઢ)થી સાથે આવેલા ડૉ. ભારમલભાઈ પટેલે પર્વતારોહણના નિયમ પ્રમાણે રસ્તામાં પડેલ પ્લાસ્ટીકના કચરાને એકત્રિત કરીને નીચે લાવીને તેનો યોગ્ય નિકાલ કર્યો હતો. તે બદલ તમામ ટ્રેકર્સ મિત્રોએ તેમનો આભાર માનીને ધન્યવાદ આપ્યા હતા.

બનાસકાંઠાના પાંચ તાલુકા અછતગ્રસ્ત જાહેર : ૪ કરોડની સહાય જાહેર

ડીસા, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે નહીવત પ્રમાણમાં વરસાદ પડતા દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા દિયોદર, થરાદ, વાવ અને કાંકરેજ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. જેથી પશુઓના ઘાસચારાના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા ૪ કરોડની સહાય જાહેર કરવામાં આવી છે. જ્યારે પાટણના અછતગ્રસ્ત તાલુકાઓ માટે ૩ કરોડની સહાય જાહેર કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લામાં આ વખતે ખાસ કરીને દિયોદર, કાંકરેજ, થરાદ અને વાવ તાલુકાઓમાં ૧૫૦ મી.મી. કરતા ઓછો વરસાદ પડતા આ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. આ તાલુકાઓમાં ઘાસચારાની તીવ્ર અછત સર્જાઈ રહી છે. અને આગામી સમયમાં પરિસ્થિતિ વધુ વણસે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ તાલુકાઓ માટે ૪ કરોડની સહાય જાહેર કરવામાં આવી છે. જેમાં રજકો, જુવાર, મકાઈ, બાજરી સહિતના ઘાસ પાકોનું વાવેતર કરવા માટે ખેડૂતોને વિના મૂલ્યે બિયારણા આપવામાં આવશે. આ માટે ગ્રામ્યકક્ષાએ સમિતિઓ રચી વ્યક્તિગત અને ખેડૂતોને આ સહાય આપવામાં આવસે જેનું તાલુકા અમલીકરણ સમિતિ દેખરેખ રાખશે. આ કામનું સંકલન જિલ્લા ખેતીવાડી દ્વારા કરવામાં આવશે. અસરગ્રસ્ત તાલુકાઓ માટે રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા આ સહાય જાહેર કરવામાં આવી છે.

બાયડ તાલુકાની બોરોલ હાઈસ્કૂલનું ગૌરવ

બાયડ, તા. ૨૭

શ્રી વિક્રમશીલા શાળા વિકાસ સંકુલ બાયડની પંચશકતિ આધારીત સ્પર્ધા શ્રી એન.એચ.શાહ હાઈસ્કુલ બાયડ ખાતે યોજાઈ હતી.

જેમાં શ્રી આર. વી. પટેલ હાઈસ્કુલ બોરોલના વિદ્યાર્થીઓએ શાળા બોરોલ ગામ અને બાયડ તાલુકાનુ ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્યશ્રી એન.એમ.પટેલ સાહેબના સતત માર્ગદર્શન હેઠળ તૈયાર શાળાના શીક્ષક શ્રી ડી.એન.મલેક વી.ડી.પટેલ અને સી.જે.પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ વિદ્યાર્થીઓએ નિબંધ વિભાગમાં દિપાંકર જયસ્વાલ પ્રથમ નંબરે અને તેજ વિભાગમાં હેમાની પટેલ બીજા ક્રમ મેળવ્યો હતો.

વકતૃત્વ વિભાગમાં અક્ષય જયસ્વાલ પ્રથમ અને તે જ વિભાગમાં રંજન ઝાલાએ ત્રીજો ક્રમ મેળવ્યો હતો. આ બાળકોને માર્ગદર્શન આપનાર શિક્ષકશ્રીઓને શ્રી સરસ્વતી કેળવણી મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કારોબારી સભ્યોએ તેમજ શાળાના આચાર્યશ્રીએ પણ અભિનંદન પાઠવ્યા હતા.



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

થરાદના શીવનગર વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી યુવકે આજે સાંજના સમયે કોઈ અગમ્ય કારણોસર ઢીમા રોડ પર પુલ પરથી નીચે કેનાલમાં ખાબકી આત્મહત્યા કરતાં સમગ્ર થરાદ પંથકમાં ચકચાર જાગેલ છે આ મામલાની જાણ થરાદ પોલીસ સ્ટેશન થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી મામલાની તપાસ હાથ ધરેલ છે. થરાદના શીવનગર વિસ્તારમાં રહેતા ચમનભાઈ દાનસીંગભાઈ ઠાકોર ઉંમર વર્ષ ૩૫ વાળાઓ આજે સાંજના સાયકલ પર સવાર થઈ ઢીમા રોડ પર આવેલ કેનાલ પુલ પાસે પહોંચ્યા હતા. તે બાદ તેઓએ સાયકલને તાળુ મારી ચાવી ત્યાં જ રાખી પુલ પરથી કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી. ઘસમસતા પાણીના પ્રવાહમા તેઓનો મૃતદેહ તણાયો હતો. આ મામલાની જાણ થતાં વહીવટી તંત્ર રાહત અને મદદ માટે દોડતુ થયુ હતુ. જેમાં જીવના જોખમે તરવૈયા સુલતાભાઈએ મૃતકની લાશને બહાર કાઢી હતી. જે બાદ થરાદ પોલીસે મૃતકની લાશને થરાદ રેફરલ હોસ્પીટલમાં પી.એમ. અર્થે ખસેડી હતી. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી રજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧